# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર નીકીતા શાહ વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું– છેલ્લાં 11 વર્ષોમાં, દેશમાં વિવિધ ક્ષેત્રોમાં ઝડપી પરિવર્તન આવ્યું.

2) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહે જણાવ્યું - કૃષિ ક્ષેત્રમાં વૃધ્ધિ હાંસલ કર્યા વિના દેશ વિક્સિત રાષ્ટ્ર ન બની શકે.

3) કેન્દ્ર સરકારે સ્પેશિયલ ઇકોનોમિક ઝોન માટે નીતિગત છૂટછાટોની જાહેરાત કરી

4) વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર લઈ જનારા મિશનનું લોન્ચિંગ ખરાબ હવામાનને કારણે બુધવાર સુધી મુલતવી.

5) ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને ICC હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-11 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, છેલ્લા 11 વર્ષમાં દેશમાં વિવિધ ક્ષેત્રોમાં ઝડપી પરિવર્તનો જોવા મળ્યા છે, જે 140 કરોડ ભારતીયોની સામૂહિક ભાગીદારીને કારણે શક્ય બન્યું છે.

કેન્દ્રમાં NDA સરકારના 11 વર્ષ પૂર્ણ થવા પર, પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક કહ્યું કે, સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસના માર્ગદર્શક સિદ્ધાંત હેઠળ, કેન્દ્રએ ગતિ, સ્કેલ અને સંવેદનશીલતા સાથે પથદર્શક સુધારાઓ હાથ ધર્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, આજે દેશ માત્ર સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા જ નહીં પરંતુ ક્લાઈમેટ એક્શન અને ડિજિટલ ઈનોવેશન જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર અગ્રણી વૈશ્વિક અવાજ પણ છે.

# SHIVRAJSINH CHAUHAN

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, કૃષિ ક્ષેત્રમાં વિકાસ પ્રાપ્ત કર્યા વિના દેશ વિકસિત રાષ્ટ્ર બની શકતો નથી. તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લામાં આયોજિત ઉન્નત કૃષિ સંકલ્પ અભિયાન કાર્યક્રમમાં ખેડૂતોને સંબોધિત કરતાં તેમણે ખાદ્ય સુરક્ષા પ્રાપ્ત કરવા, ખેડૂતોની આવક વધારવા અને ભાવિ પેઢીઓ માટે માટીનું રક્ષણ કરવા પર ભાર મૂક્યો.

## <u>(BYTE- શિવરાજ સિંહ ચૌહાણ)</u>

# REV-CENTRE-SEZ

કેન્દ્ર સરકારે સ્પેશિયલ ઇકોનોમિક ઝોન માટે નીતિગત છૂટછાટોની જાહેરાત કરી છે. આનો ઉદ્દેશ્ય ઉચ્ચ ટેકનોલોજી ઉત્પાદન, ખાસ કરીને સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક ઘટકોને પ્રોત્સાહન આપવાનો છે. આ સુધારાઓ રોકાણોને આકર્ષિત કરશે, નિયમનકારી અવરોધો ઘટાડશે અને વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં ભારતનું સ્થાન મજબૂત બનાવશે.

સ્પેશિયલ ઇકોનોમિક ઝોન રેગ્યુલેશન્સ, 2006ના નિયમ પાંચમાં સુધારો સેમિકન્ડક્ટર અથવા ઇલેક્ટ્રોનિક ઘટક ઉત્પાદન માટે લઘુત્તમ જમીનની જરૂરિયાત 50 હેક્ટરથી ઘટાડીને 10 હેક્ટર કરશે. નિયમ સાતમાં સુધારો કેન્દ્ર અથવા રાજ્ય સરકારો અથવા તેમની અધિકૃત એજન્સીઓને ગીરે મૂકેલી અથવા ભાડે આપેલી જમીન સંબંધિત નિયમોને હળવા બનાવે છે. સરકારે નિયમ 53માં પણ સુધારો કર્યો છે. નિયમ 18માં મહત્વપૂર્ણ સુધારો સ્પેશિયલ ઇકોનોમિક ઝોન એકમોને લાગુ ડ્યુટી ચૂકવ્યા પછી સ્થાનિક ડ્યુટી ઝોનમાં માલ વેચવાની મંજૂરી આપે છે.

# HM-COMPENSATION

સરકાર, જમ્મુ અને કાશ્મીરના સરહદી વિસ્તારોમાં ઓપરેશન સિંદૂર દરમિયાન નુકસાન પામેલા બે હજાર 60 ઘરો માટે વધારાના 25 કરોડ રૂપિયા આપશે.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ પાકિસ્તાની ગોળીબારમાં નુકસાન પામેલા ઘરો માટે વધારાના વળતરની જાહેરાત કરી હતી. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે,

પ્રધાનમંત્રીએ સંપૂર્ણપણે નુકસાન પામેલા ઘરો માટે બે લાખ રૂપિયા અને આંશિક રીતે નુકસાન પામેલા ઘરો માટે એક લાખ રૂપિયાનું વધારાનું વળતર જાહેર કર્યું છે. ગૃહ મંત્રાલયે તેના ઝડપી અમલીકરણની ખાતરી આપી છે. પંજાબના સરહદી વિસ્તારો માટે પણ આ જ વધારાની વળતર રકમ આપવામાં આવશે.

# NIRMALA- GC MEETING

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે નવી દિલ્હીમાં નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ- N.I.I.F. લિમિટેડની ગવર્નિંગ કાઉન્સિલ છઠ્ઠી બેઠકની અધ્યક્ષતા કરી હતી.

આ બેઠકમાં, નાણાં મંત્રી અને ગવર્નિંગ કાઉન્સિલના સભ્યોએ N.I.I.F.ની કામગીરી, હાલના ભંડોળ અને મુખ્ય માર્ગદર્શક નીતિઓ પર ચર્ચા કરી હતી. સંસ્થાની વર્તમાન વ્યૂહરચના અને ભવિષ્યના ધ્યેયો પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

ગવર્નિંગ કાઉન્સિલે N.I.I.F.ની કામગીરી અને રોકાણકારો સાથે મજબૂત ભાગીદારી બનાવવાના તેના પ્રયાસોની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અનુસાર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય મુખ્ય ક્ષેત્રોમાં મૂડીનું પ્રવાહીકરણ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવવાના પ્રયાસોની પણ પ્રશંસા કરવામાં આવી હતી અને તેના સંચાલન હેઠળની સંપત્તિમાં વિસ્તરણની નોંધ લીધી જે વધીને 30 હજાર કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે, જેનાથી એક લાખ 17 હજાર કરોડ રૂપિયાનું મૂડી રોકાણ ઉત્પ્રેરિત થયું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SPECIAL FEATURE - 11 YEARS OF GOVT

**છેલ્લા દાયકા દરમિયાન સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણની નીતિઓ હેઠળ દેશે નોંધપાત્ર પ્રગતિ કરી છે. આકાશવાણી સમાચાર તમારા માટે છેલ્લા 11 વર્ષમાં મુખ્ય ક્ષેત્રોમાં સરકારના પ્રયાસો પર અને સિદ્ધિઓ પર વિશેષ શ્રેણી પ્રસારિત કરી રહ્યું છે. આ શ્રેણીમાં, આજે પર્યાવરણીય સંરક્ષણ માટે કેન્દ્ર સરકારની કેટલીક મહત્વની પહેલો અંગે સાંભળીએ એક અહેવાલ....**

<u>(V/C- રિધ્ધિ ઉંધાડ)</u>

**છેલ્લા દાયકામાં, ભારતે એવું વિકાસ મોડેલ અપનાવ્યું છે જે પર્યાવરણીય સંરક્ષણને સમાવિષ્ટ વિકાસ સાથે સાંકળે છે. નદીઓને પુનર્જીવિત કરવાથી**

લઈને ઇકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવા અને હરિયાળી માળખાગત સુવિધાઓ બનાવવા સુધી, દેશે પર્યાવરણ સંરક્ષણ માટે મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવી છે.

"એક પેડ મા કે નામ" જેવા અભિયાનોએ નાગરિકોને પર્યાવરણીય પગલાં લેવા પ્રેરણા આપી છે. દેશભરમાં 142 કરોડથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે. ભારતે વન્યજીવન સંરક્ષણમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. પ્રોજેક્ટ ચિત્તા, પ્રોજેક્ટ સિંહ અને  પ્રોજેક્ટ ટાઇગર જેવી પહેલો તેમના પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.ભારતમાં હાલમાં 91 રામસર સાઇટ્સ છે, જે એશિયામાં સૌથી વધુ છે.13 ભારતીય દરિયાકિનારાઓએ પ્રતિષ્ઠિત 'બ્લુ ફ્લેગ' પ્રમાણપત્ર મેળવ્યું છે, જ્યારે અમૃત ધરોહર અને MISHTI જેવી યોજનાઓ વેટલેન્ડ અને મેન્ગ્રોવ્સના સંરક્ષણને આગળ ધપાવી રહી છે, જે આબોહવા સ્થિતિસ્થાપકતા માટે મહત્વપૂર્ણ છે.સમાચાર વિભાગથી રિદ્ધિ ઉંધાડ, આકાશવાણી, અમદાવાદ

# MANIPUR CRISIS

મણીપુરમાં ચાલી રહેલા સંકટ અંગે ચર્ચા કરવા મણિપુરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી એન. બિરેન સિંહ અને રાજ્યસભા સાંસદ લીશેમ્બા સનાજાઓબા ઇમ્ફાલથી નવી દિલ્હી જવા રવાના થયા છે.તેઓ  કેન્દ્રીય નેતાઓને મળશે.  મે 2023 થી મણિપુરમાં વંશીય હિંસા સંબંધિત કેસમાં સીબીઆઈ દ્વારા અરંબાઈ ટેંગોલના નેતાની ધરપકડ કરવામાં આવ્યા બાદ શનિવાર રાતથી રાજ્યના ખીણ જિલ્લાઓમાં ભારે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. રાજ્યમાં નવી હિંસા બાદ, ઇન્ટરનેટ અને મોબાઇલ ડેટા સેવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. શનિવાર રાતથી પાંચ ખીણ જિલ્લાઓમાં BNSSની કલમ 163 હેઠળ પ્રતિબંધિત આદેશો લાગુ કરવામાં આવ્યા છે.

ભાજપના નેતા એન. બિરેન સિંહે ઇમ્ફાલ એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે મણિપુરમાં હાલમાં પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. તેમણે લોકોને શાંત રહેવા અને વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ટાળવાની અપીલ કરી છે

# AXIOM-4

વર્તમાન અને ભવિષ્યના અવકાશ સંશોધનને ટેકો આપવાના હેતુથી વૈજ્ઞાનિક પ્રયોગો માટે આંતરરાષ્ટ્રીય અવકાશ કેન્દ્રમાં જનાર એક્સિઓમ સ્પેસ કંપનીના ચોથા મિશનનું પ્રસ્થાન એક દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યું છે. ખરાબ હવામાનને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ભારતીય અવકાશ સંશોધન સંગઠનના અધ્યક્ષ વી. નારાયણને જણાવ્યું હતું કે હવે એક્સિઓમ-4 મિશન કાલે ભારતીય સમય મુજબ સાંજે 5:30 વાગ્યે કેપ કેનાવેરલના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. આ ઐતિહાસિક મિશનમાં ભારતના શુભાંશુ શુક્લા ઉપરાંત અમેરિકા, પોલેન્ડ અને હંગેરીના અવકાશયાત્રીઓ 14 દિવસ સુધી આંતરરાષ્ટ્રીય અવકાશ કેન્દ્રમાં રહેશે. ચારેય અવકાશયાત્રીઓ માનવ આરોગ્ય, પૃથ્વી અંગે  અભ્યાસ, જીવવિજ્ઞાન અને અન્ય સંશોધન સંબંધિત 60 થી વધુ વૈજ્ઞાનિક પ્રયોગો કરશે

# DHONI-HALL OF FAME

ભારતીય ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોનીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ-ICCના પ્રતિષ્ઠિત હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે.

ICCએ જણાવ્યું કે, ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને કુશળ વિકેટકીપર મહેન્દ્ર સિંહ ધોની આ વર્ષે આ સન્માન મેળવનારા સાત ક્રિકેટરોમાં સામેલ છે. ધોનીને તેમની અસાધારણ નેતૃત્વ ક્ષમતાઓ અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં ચોક્કસ કુશળતા માટે હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે. ધોનીની કેપ્ટનશીપ હેઠળ, ભારતીય ટીમે ત્રણ મોટી ICC ટુર્નામેન્ટ જીતી છે. 2007માં ટ્વેન્ટી20 વર્લ્ડ કપ, 2011માં વન-ડે વર્લ્ડ કપ અને 2013માં ચેમ્પિયન્સ ટ્રોફી.

આ સન્માન અંગે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં ધોનીએ કહ્યું કે, ICC હોલ ઓફ ફેમમાં સામેલ થવું તેમના માટે ગર્વની વાત છે., સર્વકાલીન મહાન ખેલાડીઓ સાથે તમારું નામ યાદ રહે એ એક અદ્ભુત લાગણી છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1) આજના તમામ અખબારોએ વિવિધ મહત્વના સમાચારોને હેડલાઈન બનાવી છે...

2) સંદેશ અખબારની હેડલાઈન છે સિંધુ જળ કરાર હેઠળ પાણી માટે પાકિસ્તાનનાં કાલાવાલા

3) દિવ્ય ભાસ્કરનું મુખ્ય શિર્ષક છે ઈન્દોરની સોનમ તેના પતિ રાજાની હત્યારી નીકળી

4) ગુજરાત સમાચારે હેડલાઇન બનાવી છે - મુંબઈમાં ચાલુ ટ્રેનમાંથી 13 પ્રવાસીઓ પટકાયા- ચારના મોત

5) દોસ્તી માત્ર દેખાડો- ચીનને દુશ્મન માને છે રશિયા ! આ કુલછાબની હેડલાઈન છે

આજના અખબારોમાં સામેલ કેટલાક મહત્વના સ્થાનિક સમાચારો પર નજર કરીએ.

6) પાસપોર્ટનું સર્વર ઠપ, 15 દિવસ પછી નવી તારીખ મળશે 300 લોકોને ધક્કો પડતા હોબાળો, પોલીસ બોલાવવી પડી.....સૌરાષ્ટ્રના પાંચ જિલ્લાના 81 જળાશયમાં 20 ટકા જ પાણી... આજે ચાંદખેડા, નારણપુરા, પાલડી, થલતેજ, બોપલના વિસ્તારોમાં પાણીકાપ... વિદ્યાર્થીઓના સ્કુલ LC-GRમાં હવે નામ પહેલા અને અટક છેલ્લે લખાશે..AI ટેકનોલોજીથી સજ્જ કેમેરા રથયાત્રામાં ભીડ પર નજર રાખશે...ગૃહવિભાગે CID ક્રાઈમના પૂર્વ વડા સહિતના અધિકારીઓની ભ્રષ્ટાચાર મુદ્દે પુછપરછ કરી...જેવા સમાચારો જોવા મળી રહ્યા છે...